# સુરત મહાનગરપાલિકા

મોજે ડીંડોલી ઉધના વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૪૧ (ડીંડોલી)
તૈયાર કરવા બાબત.

## અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭) તથા એમેન્ડમેન્ટ એકટ-૧૯૯૯ ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૨/૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૧ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવ્યા મુજબ ડીંડોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૧ (ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ,સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૯-૪-૨૦૦૧

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૩૧-૩-૨૦૦૧ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-

xxxxxxxx

<u>ઠરાવ :-</u>

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૨૦-૩-૨૦૦૧ ના પત્ર નં. સી.મી.સ./૮/૩૮ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલાં શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તથા ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગની સળંગ રેખામાં બતાવેલ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧(ડીંડોલી) તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ,૧૯૯૯ ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તેમજ સદર અધિસુચનને બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં એક-એક વખત જાહેર જનતાને જાણ માટે પ્રસિધ્ધ કરવાનું અને ઈરાદો જાહેર કર્યા અંગેના અધિસુચનને સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ સરકારશ્રી સાથે જરૂરી તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૨૨/૨૦૦૧ સર્વાનુમતે મંજુર</u>